# તસ્બીહે ઝિલહજ્જિલ હરામ

اِنۡ تُعَذِّبۡهُمۡ فَاِنَّهُمۡ عِبَادُكَ وَاِنۡ
تَغۡفِرۡ لَهُمۡ فَاِنَّكَ اَنۡتَ
الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ

***ઇન તોઅઝ્ઝીબહુમ ફઇન્નહુમ ઇબાદોકા વ ઇન***
***તગફીરલહુમ ફઇન્નકા અન્તલ અઝીઝુલ હકીમ.***

*“(અય અલ્લાહ) જો તુ તેમને અઝાબ આપે તો બેશક તેઓ તારા બંદા છે.*
*અને જો તું તેમને મઆફ કરી દે તો બેશક તુ ઈઝઝતવાલો હિકમતવાલો છે.”*

કુરઆને કરીમમાં બયાન છે કે, અલ્લાહતઆલા ઈસા રૂહુલ્લાહને સવાલ કરે છે કે, શું તમેં ખુદાઈનો દાવો કરો છો ? ઈસા નબી જવાબમાં ઈન્કાર કરે છે અને અરઝ કરે છે કે, “સુબ્હાનકા ! અય મારા રબ, તું મારો ખાલિક છે, તું એક છે, તમામ ઐબથી તું મુકદ્દસ અને મુનઝ્ઝહ (છૂટો) છે, દુનિયા અને હસબ-નસબના તમામ ખાનદાની અને જીસ્માની રિશ્તાઓથી તું બરી છે. હું તારે વાસ્તે નાહક્ક અને ગૈર કલામ કહું જ નહીં. અને અગર મેં તારી પાકીઝા ઝાત વાસ્તે કોઈ ગુસ્તાખી કીધી હોય, તો તું ઝરૂર તેને જાણે છે. તું મારા મનની વાતને જાણે છે અને હું તારા રાઝ અને મશીયત ને જાણતો નથી. અય મારા રબ, તું ગૈબની ચીઝોનું ઈલ્મ રાખનાર છે. હું તો લોગોને આ જ કહું છું કે, તમેં અલ્લાહની બંદગી કરો, જે મારો રબ છે અને તમારો  પણ રબ છે. અને હું જહાઁ તક તમારે અને અલ્લાહને દરમ્યાન છું તમારા આઅમાલ પર શાહિદ છું અને મારી વફાત બાદ, અય પરવરદીગાર, તું આ મારા માનનારાઓનો નિગેહબાન છે, અગર તું એમને અઝાબ કરે તો એ તારા બંદાઓ છે અને જો એમને બખ્શી દે, ખતાઓને મઆફ કરી દે, તો બેશક તું ઈઝઝતવાલો અને હિમ્મતવાલો છે.”

ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, હશરના દિન અલ્લાહ જલ્લાશાનોહુ નબીયો, વસીયો, પંજતને પાક (અ.સ.) અને હર એક ઈમામને સવાલ કરશે કે, તમેં મારા હુકુમ મુતાબિક મારા પૈગામ અને હિદાયાતની તબ્લીગ કીધી, તેને લોગો તક બરાબર પહોંચાવો ? સઘલા જવાબ આપશે કે, “હાઁ ! હમેં તારા ફરમાનની તાઅમીલ કીધી, તારા પૈગામે ઈસ્લામને હરફન-હરફન, લફઝન-લફઝન લોગો તરફ પહોંચાવો.” બધા પોત-પોતાની દલીલો અને હુજ્જતો પૈશ કરશે અને અલ્લાહ તેને કાબિલે કુબૂલ ફરમાવશે. આ દિને હક્કપરસ્તો, હક્ક બોલનાર, હક્કની માઅરેફત કરનારાઓની હક્કાનીયત તેમને ફાયદો કરશે. એ તમામ વાસ્તે જન્નત મુકર્રર કરવામાં આવશે, જેમાં નેહરો વહે છે અને એમાં હમેશા રહેશે, અલ્લાહની રઝા અને ખુશીમાં રહેશે, ફૌઝે અઝીમ હાસિલ કરશે. અલ્લાહતઆલા તરફથી હમારા શીઆ, હમારા તાબેઈન અને માનનારાઓ વાસ્તે આ નફીસ તોહફાઓ કેમ ન હોય ! જે અલ્લાહ આસ્માનો અને ઝમીનનો અને તેનો દરમ્યાન જે કઇ છે તેનો માલિક છે, મુખ્તાર છે અને અલ્લાહ હર ચીઝ પર કાદિર છે.

ઈસા રૂહુલ્લાહ (અ.સ.) એ કહ્યું કે, “અય બની ઈસ્રાઈલ ! હું અલ્લાહનો રસૂલ છું, કિતાબે મુસા તૌરાતની તસ્દીક કરૂં છું, મારા પછી આવનાર રસૂલની બશારત-ખુશખબરી તમને આપનાર છું જેનું ઈસ્મે મુબારક “અહમદ” છે.” બની ઈસ્રાઈલના લોગોએ આપની આ વાત ન માની અને આપને જાદુગર કહેવા લાગા. અલ્લાહતઆલા એવા ઝાલિમ અને ફાસિક લોગોને પસંદ નથી ફરમાવતો, હિદાયત નથી બખશતો. અને અગર આ લોગો ચાહે કે પોતાના મૂઁહથી અલ્લાહના નૂરને બુઝાવે, તો તેઓ એમ નહીં કરી શકે, કેમકે આ નૂરને અલ્લાહ ખુદ રોશન કરે છે મુકમ્મલ કરે છે, તો પછી ઈન્સાનની શું મકદૂર કે તેને બુઝાવે. આ દીને ઈસ્લામ અને દાઅવતે ઈમાનનું નૂર તો યૌમુલ કેયામત તક આ ઝમીન પર બાકી રહેશે, ભલે ને કાફિરો અને મુશ્રિકો આ હિદાયત અને દીને હક્કને નાપસંદ કરે, તેને વાસ્તે બદકલામી કરે. જે શખ્સ જુમેરાતે આ તસ્બીહ પઢશે તેને અલ્લાહતઆલા કુફ્ર અને શિર્કની બદીથી મેહફૂઝ રાખશે.

★